બે ભાઈ હતા.

મોટો અડુકિયો.

નાનો દડુકિયો.

જમે છે, રમે છે અને મજા કરે છે. પોતાના સરખેસરખા ભાઈબંધો એકઠા થાય છે. શાળામાં ભણવા જાય છે. ગુરુજી જે શીખવે તે પાકું કરી લે છે. તે પછી કસરત કરવા અખાડામાં જવાનું. ત્યાં યોગનાં આસન શીખવાનાં. પછી રમતો રમવાની હતી. એમાં તો ભારે મજા પડતી હતી.



ઘણા ઘણા ભાઈબંધો એકઠા થતા હતા. બધા હેતથી રમે છે અને મોજ કરે છે.

ના કોઈ લડે કે ના કોઈ રિસાય. સાચી વાત હોય તો બધા માની લે.

ચોમાસું પૂરું થયું.

ભાદરવો મહિનો પૂરો થયો અને આસો માસ આવી ગયો. દિવાળી ઊજવવાની તૈયારી થવા માંડી. દોડાદોડ કુંભારને ઘેર ગયા.

અડુકિયો કહેઃ કુંભારકાકા, એક ટોપલો ભરીને માટીનાં કોડિયાં મને આપો.

દડુકિયો કહે: અને એટલાં જ કોડિયાં મને પણ આપો.

કુંભાર કહે: એટલાં બધાં કોડિયાંને શું કરશો?

અડુકિયો કહે: એ કોડિયાંમાં દિવાળીના દીવા કરીશું. કોડિયાંમાં તેલ પૂરીશું. એમાં રૂની દિવેટ મૂકીશું. તેના દીવા સળગાવીશું. કોડિયાંમાં દીવા ગોઠવીને નવા નવા આકાર બનાવીશું.

દડુકિયો કહે: એવા એવા આકાર બનાવીશું કે આખું ગામ ઝગમગી ઊઠશે.

બે ટોપલા ભરી માટીનાં કોડિયાં લઈ આવ્યા. લઈને માંડ્યા ગોઠવવા. ભાઈબંધો પણ આવી ગયા.કોડિયાં ગોઠવીને કોઈએ કમાન બનાવી. કોઈ ભાઈબંધે સૂરજ અને ચાંદાના આકાર ગોઠવી દીધા બારણાં પર તોરણનો ઘાટ બની ગયો. ઘરની બહારની ભીંતો ઉપર જુદા જુદા આકાર ગોઠવી દીધા. દિવાળીના દીવા તો માટીનાં કોડિયામાં જ કરવા જોઈએ.



તેથી માટીનાં કોડિયાંમાં તેલ ભરે અને તેમાં રૂની દિવેટ મૂકે.

તે સમયે સિમેન્ટ પણ નહોતો આવેલો. એટલે

માટીની ભીંતો ચણીને ઘર બાંધતા હતા. માટીની ભીંતોમાં ખીલીઓ ખોડી દેતા. એવી બે ખીલી ઉપર દીવાનું કોડિયું મૂકી દેતા.

એ માટે લાકડાની ખીલીઓ બનાવી હતી. બે ખીલી વચ્ચે દીવામાં કોડિયા મૂકી દીધાં હતાં.

દિવાળીનો દિવસ આવી ગયો. બધાં વહેલા જાગી ગયાં. નાહીધોઈ લીધું. નવાં નવાં કપડાં પહેરી લીધાં. પોતપોતાના ભાઈબંધોની ટોળીઓ એકઠી થઈ ગઈ. આખો દિવસ આનંદમાં પૂરો થયો.

સૂરજ આથમી ગયો.

શેરીએ શેરીએ અને ઘેરેઘેર દિવાળીના દીવા સળગાવી દીધા.

અડુકિયો અને દડુકિયોને ઘેર તો દીવાનો ઝગમગાટ ચમકી ગયો.

હવે દીવાનું એક કોડિયું અડુકિયાએ હાથમાં લીધું. બીજું દડુકિયાએ લીધું. બીજા ભાઈબંધોએ પણ દીવાના કોડિયા હાથમાં લઈ લીધાં અને ગોળાકાર કુંડાળું બનાવી દીધું. બધાં ગોળ ગોળ ફરે છે અને ગાય છે. જાણે દિવાળીનો દીવારાસ ગવાય છે.

એકદમ દડુકિયો કુંડાળાની વચમાં આવી ગયો અને ગોળ ગોલ દીવો ફેરવીને કહેઃ

*આ દીવો કોનો?*

બીજા બધા બોલી ઊઠ્યાઃ

*એ દીવો મામાનો.*

અડુકિયો કહેઃ

*મામાનું ઘર કેટલે?*

બધા ગાય છેઃ

દીવા બળે એટલે.

•

દીવા તો ભરપૂર છે,
મામાનું ઘર દૂર છે.

•

દીવા, દીવા, દીવા આજ,
મામા બેઠા કરતા રાજ.

•

ઝગમગ દીવા તેજ તેજ,
મામાને મખમલની સેજ.

•

મામા બેઠા ઝૂલે,



મામી બેઠાં ફૂલે,
મામાનું ઘર કેટલે?
દીવા બળે એટલે.

•

મામાને ઘેર ગાડી છે,
મામી તો ભૈ, બાડી છે,
મામાને વહાલા ભાણા છે,
મામી આખે કાણાં છે.

•

મામીને ચડી રીસ,
લાડુ ખાધા વીસ.
પેટમાં લાડુ ધૂમાધૂમ,
મામી રડતાં બૂમાબૂમ.

•

બૂમ પાડતાં ખસી ગયાં,
દીવો જોતાં હસી ગયાં.

•

આમ ગીત ગાય છે અને બધાં બાળકો ફેરફૂદરડી ફરે છે. એમ ઘણાં ગીત ગાયાં.

ગીતો ગાઈને થાકી ગયાં.

ભારે મજા પડી.

એમ કરતાં અડધી રાત વીતી ગઈ. પછી બધાં છોકરાં પોતાને ઘેર ગયાં. એવી મીઠી ઊંઘ આવી કે બસ, સવાર થાય અને સૂરજ